**પ્રશ્નપત્ર - 1**

# SKP SCHOOL - RAJKOT

## વિષય : સામાજિક વિજ્ઞાન

| ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80 |
|---|---|---|

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે અને 54 પ્રશ્નો છે. (2) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા.
(3) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
(4) વિભાગ-D માં પ્રશ્ન નં. 54 નકશો ફરજિયાત છે.

### વિભાગ – A

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[24]**

● **યોગ્ય જોડકાં જોડો.**

| | (A) | | (B) |
|---|---|---|---|
| (1) | નેગ્રીટો | (A) | અગ્નિએશિયામાંથી ભારત આવેલી પ્રજા |
| (2) | પ્રાચીન ભારતનું પ્રથમ યંત્ર | (B) | લોથલ |
| (3) | પ્રાચીન ભારતનું સમૃધ્ધ બંદર | (C) | કુંભારનો ચાકડો |
| (4) | અંબાજી | (D) | ભારતની સૌથી પ્રાચીન નિવાસી પ્રજા |
| (5) | ભારતીય મૂળના અર્થશાસ્ત્રી | (E) | અમર્ત્ય સેન |
| | | (F) | ભાદરવી પૂનમનો મેળો |

● **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) "રાજતરંગિણી" એ ભારતનાં ઈતિહાસને આલેખતો અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.

(7) આગ્રાનો તાજમહલ નોઈડાની રિફાઈનરી અને ઉદ્યોગોના ધુમાડાને કારણે તેનાં શ્વેત સંગેમરમર(આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા.

(8) ઘડિયાળ પરિયોજના મીઠા પાણીમાં રહેતી મગરોની પ્રજાતિનાં સંરક્ષણ માટે શરૂ કરવામાં આવી છે.

(9) વડોદરાને 'ડેનિમ સિટી ઓફ ઈન્ડિયા' કહે છે.

(10) ગામડામાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ વધારે હોય છે.

● **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

(11) કયા જળનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય છે.

(12) ઈ.સ. 1882માં ઉત્તરપ્રદેશમાં કઈ નહેરનું નિર્માણ થયું હતું ?

(13) કયા-કયા ઉર્જાસ્ત્રોતોને "બિનવ્યાપારી શકિત-સંસાધનો" કહેવામાં આવે છે ?

(14) ભારતમાં ખેતી પર આધારિત ચીજવસ્તુઓ પર કયો માર્કો લગાડવામાં આવે છે. ?

● **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(15) ..................... નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે. (3, 8, 44)

(16) આવક મેળવવાનાં કે ખર્ચ કરવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃતિને ................. પ્રવૃતિ કહે છે. (બિનઆર્થિક, સેવાકિય, આર્થિક)

(17) એવરેસ્ટ આરોહણ સમયે ...................... લોકો સામાન ઊંચકવાનું કામ કરે છે. (ભોટિયા, ગુરખા, કીરાત)

(18) શુન્ય (૦) ની શોધ ..................... કરી હતી. ( ભાસ્કરાચાર્યે, આર્યભટ્ટે, વરાહમિહિરે)

(19) યુનાઈટેડ નેશન્સે ઈ.સ. 1975-1985 ના દસકાને .................. તરીકે જાહેર કરેલ છે. (સ્ત્રી શિક્ષા દસકા, મહિલા જાગૃતિ દસકા, મહિલા દસકા)

● **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(20) 15 માર્ચનો દિવસ ભારતમાં કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(A) ગ્રાહક અધિકારદિન (B) વિશ્વગ્રાહક અધિકારદિન (C) ગ્રાહક જાગૃતિદિન (D) રાષ્ટ્રીય ગ્રાહક અધિકારદિન

(21) સરિતા બહેન અથાણા બનાવવાની ફેકટરી(ગૃહઉદ્યોગ) શરૂ કરી, ગુણવતા માટે તેઓએ પોતાના ઉત્પાદન પર કયો માર્કો લગાવવો જોઈએ.
(A) ISI (B) AGMARK (C) DMI (D) ISO

(22) કુપોષિત કિશોરીઓને ગુજરાતમાં સરકાર પોષણ આપવાનું કાર્ય કઈ યોજના દ્વારા કરે છે ?
(A) મિશન મંગલમ યોજના (B) સબલાયોજના (C) ચિરંજીવી યોજના (D) બાલભોગ યોજના

(23) વિશ્વ વૃધ્ધદિનની ઉજવણી કઈ તારીખે થાય છે ?
(A) 8 માર્ચ (B) 1 ઓકટોબર (C) 1 એપ્રિલ (D) 15 જૂન

(24) વિશ્વમાં શણની નિકાસમાં ભારતનો ક્રમ કયો છે ?
(A) દ્વિતીય (B) પ્રથમ (C) તૃતીય (D) ચોથો

## વિભાગ – B

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈ પણ નવ)** **[18]**

(25) આપણે નદીને 'લોકમાતા'નું બહુમાન આપ્યુ છે. શા માટે ?
(26) ભારતનાં ભવ્ય વારસાના મુખ્ય બે પ્રકારો દર્શાવી પ્રાકૃતિક વારસામાં કઈ-કઈ બાબતોનો સમાવેશ કરી શકાય તે આલેખો.
(27) ચાંપાનેરનો ટૂંકમાં પરિચય આપો.
(28) આગ્રાનાં કિલ્લો વિશે માહિતી આપો.
(29) વાઘ પરિયોજનાં વિશે માહિતી આપો.
(30) લુપ્ત થતા વન્યજીવન અંગે વિચારવાનો સમય પાકી ગયો છે વિધાન સમજાવો.
(31) દક્ષિણ ભારતમાં તળાવો દ્વારા ખેતી થાય છે. શા માટે ?
(32) ખનીજ એટલે શું ? સમજાવો.
(33) તાંબાની ઉપયોગિતા જણાવો.
(34) નકસલવાદી આંદોલન વિશે માહિતી આપો ?
(35) જૈવ આરક્ષિત ક્ષેત્ર એટલે શું ?
(36) રાષ્ટ્રીય ઉદ્યાન એટલે શું ?
(37) જળ વ્યવસ્થાપન માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

## વિભાગ – C

⇒ **પ્રશ્ન ક્રમાંક 38 થી 46 ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં માગ્યા મુજબ લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈ પણ છ)** **[18]**

(38) ગુપ્તયુગને ભારતીય કલાનો સુવર્ણયુગ શાથી કહેવાય છે ?
(39) મોહેં-જો-દડોની નગરરચનામાં રસ્તાઓ અને ગટર યોજનાં વિશે માહિતી આપો.
(40) પ્રાચીન ભારતીય સાહિત્ય તરીકે વૈદિક સાહિત્યનો પરિચય આપો.
(41) કાળી જમીન વિશે નોંધ લખો.
(42) બજાર પધ્ધતિનાં લાભ જણાવો.
(43) સમાજવાદી પધ્ધતિનાં લક્ષણો જણાવો.
(44) કુદરતી સંસાધનોના આયોજન અને સંરક્ષણ માટે કઈ કઈ બાબતો વિચારવી જોઈએ.
(45) મિશ્ર અર્થતંત્ર પધ્ધતિનો અર્થ જણાવી તેની લાક્ષણિકતાઓ જણાવો.
(46) વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની ભારત પર શી અસરો થઈ છે.

## વિભાગ – D

⇒ **પ્રશ્ન ક્રમાંક 47 થી 53 ના જવાબ આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. (પ્રત્યેકના 4 ગુણ)** **[20]**
**(7 માંથી કોઈપણ 4 ) અને નકશાનો પ્રશ્ન નંબર 54 ફરજિયાત છે.**

(47) પ્રાચીન ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજીના વારસાનો પરિચય આપો.
(48) વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મહત્વ દર્શાવો.
(49) કૃષિ પધ્ધતિઓ વિશે માહિતી આપો.
(50) દિવ્યાંગ વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સુવિધાઓ વર્ણવો.
(51) ગરીબી એટલે શું ? ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.
(52) ગરીબી ઉદભવવાનાં કારણો જણાવો.
(53) 'વિશ્વબજાર અને ભારતની ખેતી' વિશે નોંધ લખો.
(54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

1. કોફી ઉત્પાદિત કુર્ગ પ્રદેશ દર્શાવો.
2. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
3. મુંબઈથી દિલ્લી જતો રેલમાર્ગ : વાયા ભોપાલ એક જંકશન સાથે વર્ણવો.
4. જહાજ બાંધકામનું કોઈપણ એક કેન્દ્ર



www.wingofeducation.com